જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૧/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૨૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૯૩ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૫૮૭ લીટર દેશી દારૂ, ૭૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૩/૧૭**

**સરખેજઃ** કમલેશભાઈ પરષોતમભાઈ પરમાર (રહે.પી એન્ડ ટી સોસાયટી પવનસુત સોસાયટી પાછળ જીવરાજપાર્ક) એ **સરખેજ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૧/૧૭ રાતના ૮/૦૦ થી તા.૫ /૧૧/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન મકરબા રેલવે ક્રોસીગ ની સામે શીવમ કોમ્પ્લેક્ષમા આવેલ ઓફીસ એફ-૧૧ તથા આજુ-બાજુ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાનોના શટરોના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનોમાં પ્રવેશ કરી બે મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦/-, સી.સી.ટી.વી.કેમેરા નુ ડી.વી.આર.કિમત રૂપિયા ૩૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૪/૧૭**

**અમરાઈવાડીઃ** સંજયસિંગ ગેરધારીસિંગ જાદોન (રહે. બહુચરનગર પોસ્ટ ઓફિસની સામે યશ પાન પાર્લર પાછળ **અમરાઈવાડી**) એ **અમરાઈવાડી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૧/૧૭ કલાક ૦૦/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની સીડી વાટે અજાણી વ્યક્તિ ખુલ્લા ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાની વિંટી નંગ-૧ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, કાંડા ઘડિયાળ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૨૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૫/૧૭</u>**

**શાહીબાગઃ** નીતાબહેન તે તેરામાજી છગનજી ઠાકોરની વિધવા પત્ની (ઉ.વ.પર) (રહે. ઠાકોરવાસ ગામ-હાસોલ સરદારનગર) તા.૫/૧૧/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સિવિલ કોર્નર હનુમાનજીના મંદીરની પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો નીતાબહેનના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નીતાબહેને **શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ** પો.સ.ઇ.શ્રી બી.પી.દેસાઇ **ચલાવે છે.**

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૬/૧૭</u>**

**નિકોલઃ** અંકીતકુમાર કનૈયાલાલ મોદી (રહે. શીરોમણી ટેનામેન્ટ ધરતી ટેનામેન્ટની બાજુમા ૧૦૦ ફુટ રોડ વિરાટનગર નિકોલ) એ તા.૪/૧૧/૧૭ કલાક ૨/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક બોલેરો પીક-અપ ગાડી નંબર જીજે ૧ ઈટી ૪૦૦૯ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અંકીતકુમાર મોદીએ **નિકોલ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૭/૧૭</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ હિરલબહેન વા/ઓ અમિતભાઇ ભટ્ટ (ઉ.વ.૩૬) (રહે.વિધાતા એપાર્ટમેન્ટ વેજલપુર)** એ અગમ્ય કારણસર તા.૫/૧૧/૧૭ બપોરના ૩/૨૦ વાગ્યા પહેલા ના સુમારે એલિસબ્રીજ રીવરફ્રંટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતીઆ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

**નારોલઃ** કમલેશભાઇ નટુભાઇ ઠાકોર (ઉ.વ.૩૦) (રહે.કોયલી તલાવડી જોગણીમાતાના મંદિરની પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૩/૧૧/૧૭ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાજ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરસિંહ રૂપસિંહ ચલાવે છે.

**નિકોલઃ** આનંદભાઇ સન/ઓફ દિલીપભાઇ સોલંકી (ઉ.વ.૨૧) (રહે. અશ્વમેઘ સોસાયટી ભાથીજીના મંદીરની સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૫/૧૧/૧૭ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુકમાં શર્ટ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી **રામસિંહ મોતીસિંહ** ચલાવે છે.

**વટવાઃ નીર્મલાબહેન વા/ઓ સુરેશભાઇ શર્મા (ઉ.વ.૩૪) (રહે. વલ્લભપાર્ક સોસાયટી ગેબનશાહ પીર કેનાલ પાસે વટવા)** એ અગમ્ય કારણસર તા.૫/૧૧/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે **વટવા** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **પી.એમ.દેસાઇ** ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.